**આકાશવાણી –ભુજ**

**સમાચાર વાચક: આશુતોષ અંતાણી**

**કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર**

**તારીખ: ૧૭-૦૮-૨૦૨૪ શનિવાર** **સમય: સવારે: ૬:૫૦**

## કેન્દ્રીય કેબિનેટે : ત્રણ નવા મેટ્રો રેલ પ્રોજેક્ટ

કેન્દ્રીય કેબિનેટે દેશમાં ત્રણ નવા મેટ્રો રેલ પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે. તેમાં 15 હજાર 600 કરોડ રૂપિયાના ખર્ચે બેંગ્લોર મેટ્રોના ત્રીજા તબક્કા, 12 હજાર 200 કરોડ રૂપિયાના ખર્ચ સાથે થાણે ઇન્ટિગ્રલ રિંગ મેટ્રો અને લગભગ ત્રણ હજાર કરોડ રૂપિયાના ખર્ચે પુણે મેટ્રો એક્સટેન્શન પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

RNU અમદાવાદ

---

## ચુંટણી ંચ : જમ્મુ કાશ્મીર હરિયાણા ચુંટણી

જમ્મુ અને કાશ્મીરમાં આગામી મહિનાની 18મી તારીખથી ત્રણ તબક્કામાં અને હરિયાણામાં 1લી ઓક્ટોબરે એક જ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. મતગણતરી 4 ઓક્ટોબરે હાથ ધરાશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ગઈકાલે નવી દિલ્હીમાં આ ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી હતી.

RNU અમદાવાદ

---

## કોલકાતામાં મહિલા તબીબ કેસ : રાજ્ય

કોલકાતામાં મહિલા તબીબ સાથે થયેલા કથિત દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં દેશભરની સાથે સાથે રાજ્યભરમાં તબીબોએ હડતાળની જાહેરાત કરી છે.અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા ગઈકાલે પત્રકાર પરિષદ યોજીને આ હડતાળની જાહેરાત કરવામાં આવી છે. આજે સવારે છ વાગ્યાથી લઇને આવતીકાલે સવારે ૬ વાગ્યા સુધી ઓપીડી તેમજ તમામ તબીબી પ્રક્રિયાથી તબીબો અળગા રહેશે.

RNU અમદાવાદ

---

## કોલકાતામાં મહિલા તબીબ કેસ : ભુજ

.

બીજી તરફ, ઇન્ડીયન મેડિકલ એસોસીએશન દ્વારા અપાયેલા બંધ નાં આદેશનાં પગલે ભુજ સહિત કચ્છ નાં દવાખાનાઓ પણ આજે બંધ રહશે.દરમ્યાન,  કોલકતાની ઘટનાના વિરોધમાં ભુજની જી.કે. જનરલ હોસ્પિટલના જુનિયર તબીબો, મેડિકલ કોલેજ અને હોસ્પિટલનો મેડિકલ સ્ટાફ જુનિયર ડોક્ટર્સ એસોસિએશનના નેજા હેઠળ ગઈકાલે હડતાળમાં જોડાયા હતો. તેમજ આ પ્રકરણમાં ન્યાયની માંગણી કરીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. હડતાળ ના પગલે ઓપીડી સેવાઓને વ્યાપક અસર પહોંચી હતી. જોકે, ઇમરજન્સી સેવાઓ ચાલુ રખાઈ હતી.

**આશુતોષ અંતાણી**

---

## રાજ્ય : બેંક એકાઉન્ટ ફ્રીઝ કરવા

ગુજરાત પોલીસે બેંક એકાઉન્ટ ફ્રીઝ કરવા અંગેની પોલિસીમાં મહત્વપૂર્ણ સુધારો કર્યો છે, જે અંતર્ગત હવે છેતરપિંડી થઈ હોય તેટલા જ નાણાં ફ્રીઝ કરાશે. આ નિર્ણાયક પગલું નાગરિકોની નાણાકીય સુરક્ષા અને અસરગ્રસ્ત લોકોને ન્યાય અપાવવાની ખાતરી દર્શાવે છે.એક યાદીમાં જણાવ્યા મુજબ, ગુજરાત પોલીસના સાયબર સેલ દ્વારા સાયબર ક્રાઈમનો ભોગ બનનારા વ્યક્તિઓના 2 લાખ 14 હજારથી વધુ બેંક ખાતાઓ અનફ્રીઝ કરાયા છે. ઉલ્લેખનીય છે કે, સાયબર સેલ રાજ્યના નાગરિકો માટે ડિજિટલ સુરક્ષિત વાતાવરણનું નિર્માણ કરવા માટે સક્રિય છે.

**આશુતોષ અંતાણી**

---

## રાજ્ય :  ડિજિટલ □ાક સર્વેની કામગીરીનો

સમગ્ર ગુજરાતમાં ડિજિટલ પાક સર્વેની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જે આગામી ૪૫ દિવસ સુધી ચાલશે. ગુજરાતના ૩૩ જિલ્લાની તમામ ખેતીલાયક જમીનના આશરે એક કરોડથી વધુ સર્વે પ્લોટને ડિજિટલ સર્વેમાં આવરી લેવામાં આવશે.ગુજરાતના ૩૩ જિલ્લાઓના કુલ ૧૮ હજાર ૪૬૪ ગામના અંદાજિત એક કરોડ જેટલા સર્વે નંબરમાં પાક વાવેતરનો ડિજિટલ ક્રોપ સર્વે કરવામાં આવશે.

**આશુતોષ અંતાણી**

---

## કચ્છ એક્સપ્રેસ”ને ફિલ્મને  પુરસ્કાર

વર્ષ 2022 માટેના 70મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં ગુજરાતી ફિચર ફિલ્મ “કચ્છ એક્સપ્રેસ”ને રાષ્ટ્રીય,સામાજિક અને પર્યાવરણીય મૂલ્યોને પ્રોત્સાહન આપતી શ્રેષ્ઠ ફિચર ફિલ્મનો પુરસ્કાર મળ્યો છે. મહિલા સશક્તીકરણનો મુદ્દો મજબૂત રીતે રજૂ કરતી આ ફિલ્મ વિવેચકોએ ખૂબ વખાણી હતી.આ ફિલ્મના નિર્માતા સોલ સૂત્ર એલએલપી છે તેમજ દિગ્દર્શક વિરલ શાહ છે.  આ સાથે આ ફિલ્મની મુખ્ય ભૂમિકામાં રહેલી અભિનેત્રી માનસી પારેખને શ્રેષ્ઠ અભિનેત્રી તરીકેનો એવોર્ડ જાહેર થયો છે. આ ઉપરાંત, “કચ્છ એક્સપ્રેસ” ફિલ્મ માટે શ્રેષ્ઠ કોસ્ચ્યુમ ડિઝાઈનરનો એવોર્ડ નિકી જોશીના ફાળે ગયો છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ સન્માન માટે ફિલ્મનાં નિર્માતા, દિગ્દર્શક અને કલાકાર કસબીઓને અભિનંદન પાઠવ્યા છે. મુખ્યમંત્રીએ કચ્છ એક્સપ્રેસ ફિલ્મને મળેલા આ ત્રણ-ત્રણ એવોર્ડ સન્માનને ગુજરાતી ફિલ્મોના ઈતિહાસની ગૌરવવંતી ઘટના ગણાવતા વિચાર પ્રેરક કથાનક અને ઉત્કૃષ્ઠ કલાકસબ ધરાવતી વધુને વધુ ગુજરાતી ફિલ્મોનું નિર્માણ થતુ રહેશે તેવી અભ્યર્થના વ્યક્ત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્રામીણ નારી શક્તિ સંગઠનો દ્વારા સ્થાનિક હસ્તકલા અને અન્ય કલા કારીગરીની વસ્તુઓને પ્રમોટ કરવાના કથાનક પર આ કચ્છ એક્સપ્રેસ ફિલ્મ આધારિત છે

**આશુતોષ અંતાણી**

---

## GSHHDC: ગરવી ગુર્જરી’ ટ્રેડમાર્ક પ્રમાણ પત્ર

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ- GSHHDCને તેની બ્રાન્ડ ‘ગરવી ગુર્જરી’માટે કેન્દ્ર સરકાર દ્વારા ટ્રેડમાર્ક પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. નિગમે આ પ્રમાણપત્ર મેળવીને ગુજરાત માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આ ટ્રેડમાર્ક પ્રમાણપત્ર રાજ્યના હાથશાળ-હસ્તકલા ક્ષેત્રના વિકાસ અને સુરક્ષા માટે મુખ્ય ભૂમિકા ભજવશે.

**આશુતોષ અંતાણી**

---